સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

ખાયકીનાં વાદળોથી પૂર્યો ઢંકાઈ જાય છે,
લાંચ-રૂશ્વત-કૌભાંડોનો પવન ફૂંકાઈ જાય છે,
વિખેરાઈ જાય વાદળ વરસે છે આપત્તિ -
રાજાના પાપે, ઉગેલી આશા સૂકાઈ જાય છે.

હાઈકુ

મૂંગા પશુઓ
દીન-દુ:ખી, ભોગવે -
પાપનાં ફળ...

આશ્ચર્ય જૂઓ !
ભીંજારો ચારેકોર !!
નગર કોરું !

ચિંતન

સર્વગ: સર્વથૈવાત્મા સર્વમેવ ચ સર્વથા ।
અસમાધિ હિ કોડસો સ્યાત્ સમાધિ: અપિ ક: સ્મૃત ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંથી લેવામાં આવેલ છે.

દેહભાવ છે તો જ સમાધિની ભ્રમણા છે, માટે સ્વરુપને સમજવું, સમાધિની ચિંતાથી દૂર રહેવું જ ઠીક છે. સમાધિ તો આપણો પોતાનો સ્વભાવ છે અને ચિત્ત-વૃત્તિનો નિરોધ એટલે શું? ચિત્ત-વૃત્તિ જ જ્યાં જડ છે, દેહભાવની સાથે જાય છે, ત્યાં વળી એનો નિરોધ શું? એતો જાણે એવું થયું કે કોઈ અંધારું દૂર કરવા તેને લાકડી લઈને હાંકવા જાય !! દીવાસળી સળગાવો તો ખબર પડે કે અંધારુ છે જ નહીં, એક જ્ઞાનદીપક પ્રગટતાં જ સમજાય છે કે નથી કોઈ ચિત્ત કે નથી કોઈ વૃત્તિ! અને ચિત્ત-વૃત્તિની શૂન્યતા એ જ યોગ! ચિતવૃત્તિ હટાવો તા આત્માની ઝાંખી થશે.

અષ્ટાવક કહે છે કે જ્યાં સુધી સાક્ષીભાવ ન કેળવો ત્યાં સુધી ચિતવૃત્તિ કે કોઈ પણ આકાંક્ષા, તૃષ્ણા જવાની નથી. ને એને પરાણે દબાવી દેવાનો કોઈ અર્થ નથી. એને સમજવાની જરૂર છે. જીવનના છ તરંગ છે, ભૂખ-તરસ! એ પ્રાણ સાથે જાય છે. સુખ-દુ:ખ એ મન સાથે જાય છે અને જન્મ-મરણ એ શરીર સાથે જાય છે. આ છ નો સાક્ષી આત્મા છે જે તુ પોતે છો.

સુવિચાર

- લોભથી ઉત્પન્ન થયેલો ધન-સંપત્તિ લોભીની સ્વામિની હોય, પણ પુરુષાર્થ અને સદાચારથી ઉત્પન્ન થયેલી ધનસંપત્તિ પુરુષાર્થીની દાસી હોય - **જીવન પાથેય**
- ફક્ત ભલાઈ રહી જાય છે, બાકી બધી વસ્તુઓ નાશ પામે છે - **જાપાની કહેવત**
- સજ્જન અને દુર્જન બંને અંધ જ છે, સજ્જન એની સજ્જનતાથી, જયારે દુર્જન એની દુર્જનતાથી અંધ છે - **જન્મભૂમિ**
- 'ઈશ્વરનો ભય' અને 'નિર્ભય' એ બંને એક જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ક્રોધની તલવાર ઘા કરે, ત્યારે મૌનની ઢાલ એ ઘાને ઝીણી લઈને પ્રેમનો પ્રત્યાઘાત આપે છે - **મોરારિ બાપુ**
- 'માણસ પ્રાર્થના કરે ઘી, દૂધ અને મલાઈની અને તે જીવન જીવે છે, 'છાશનું' આ કાંઈ સારી વાત નથી - **ટોલમેઝ**
- આજનું ઔષધ : એરંડિયાના તેલ સાથે ઓલિવ ઓઈલ મેળવી પંદર મિનિટ મસાજ કરી. ટુવાલ ગરમ પાણીમાં બોળી તેને માથે બાંધી દેવો. બાદમાં વાળ ધોઈ નાખવાથી વાળ મજબૂત બંને છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

'વંદે માતરમ્' ના સર્જક બંકીમ બાબુ જાહેર સમારંભોમાં અહર્નિશ પ્રેરક પ્રવચનો આપતા. પ્રવચનોમાં તેઓ શબ્દો હંમેશા ખૂબ સાચવીને તોલી તોલીને બોલતા. ટૂંકમાં બોલનો તોલ કરતા.

એકવાર જાહેર સભામાં બંકીમ બાબુએ પ્રવચન આપતી વખતે પોતાનું મંતવ્ય રજુ કર્યું. એ મંતવ્ય બોલતા તો બોલાઈ ગયું પણ એ વાતમાં એમને જે સુર પ્રગટ કર્યો એ સત્યથી પ્રમાણિત ન હતો. આ હકીકતનો એમને તરત જ ખ્યાલ આવી ગયો. તરત જ સૌ શ્રોતાગણ સમક્ષ તેમણે આ ભૂલની કબૂલાત કરી અને ક્ષમા ચાહી. એમણે નીડરતાથી કહ્યું, 'મનની મક્કમતા અને દૃઢ સંકલ્પ ઘણી મોટી વાત છે. પરંતુ સત્યની ઉપાસના જ સાચી પ્રભુ - પ્રાર્થના ગણાય. ભૂલ છે છતાં ભૂલ કબૂલ ન કરે તે મોટો કપટી માણસ ગણાય. મેં જીવનમાં હંમેશા સત્યનું પાલન કર્યું છે એથી આજની મારી ભૂલનો હું જાહેરમાં સ્વીકાર કરું છું!!'

બંકીમ બાબુના સત્યાર્થ - પ્રકાશભર્યા મંતવ્યને સૌ સભાજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો.

જાતિવાર વસતિ ગણતરી વિવાદાસ્પદ

તંત્રીસ્થાનેથી...

સદીઓથી જાતિઓમાં વહેંચાયેલા આપણા દેશને એ સમીકરણોથી મુક્ત કરવાનું કામ સહેલું નતી. સ્વામી દયાનંદ સરસ્વતીએ વિવિધ સમુદાયોને સનાનત ધર્મના આવરણ હેઠળ અલગ અલગ અટકોની ઓળખ ભૂંસી નાખીને 'આર્ય' અટક ધારણ કરવાનો ઉપદેસ આપ્યો હતો. આર્ય અટકવાળા લોકો આજે પણ મળી આવે છે. ગાંધીનગરના કલેકટરની અટક આર્ય છે. આર્યનો અર્થ થાય છે એક એવી મહાજાતિ જે પ્રચંડ શક્તિશાળી હતી અને સાથે જ એટલી ગુણવાન અને મૂલ્યોમાં માનનારી, શુદ્ધ આચરમ કરનારી હતી. ઈરાનના રાજાના નામ આગળ 'આર્ય મિહિર' અર્થાત્ આર્ય સૂર્ય સમાન તેજસ્વી એળી વિશેષણ વપરાતું હતું. મધ્ય એશિયાથી લઈ યુરોપ અને વિશાળ ભારત પર્યંત ફેલાયેલી આ જાતિ ભારત માટે સવિશેષ મહત્ત્વની બની રહી. ભારતને 'આર્યાવર્ત' જેવી ઓળખ સાંપડી હતી જેમાં આજનું પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈરાન-ઈરાક પણ સામેલ હતાં. જાતિમાંતી વર્ણાશ્રમ ભેદ અનુસાર ઉપજાતિઓ સરજાઈ. ધર્મના કારણે પણ વિભાજન થયું. ઘણાં બધાં ઈસ્લામિક રાષ્ટ્રોની પ્રજા આર્ય છે,એમ યુરોપની પ્રજા પણ. પરંતુ ભારત તો જાતિઓ અને સંસ્કૃતિનો શંભુ મેળો છે. જાતિપ્રથા કાળક્રમે એટલી મજબૂત બની ગઈ કે એ સમાજની અનિવાર્ય ઓળખમાં પરિણમી. આજની તારીખે પણ આ જાતિપ્રથા ભારતીય નાગરિકોના લોહીમાં રસાયેલી છે. એનાથી મુક્ત થવા સમાજવાદી વિચારકોએ અટક લખવાનું જ બંધ કરેલું. એ રીતે આપણને જયપ્રકાશ નારાયણ, રાજેન્દ્ર પ્રસાદ અને ચરણસિંહ જેવાં નામો સાંપડે છે. 'ચંદ્રશેખર' આપણા વડાપ્રધાન બને છે - સામાન્ય માણસને તો ખબર જ ન પડે કે તેઓ ક્ષત્રિય-રાજપૂત સમાજમાંથી ાવતા હતા. ચરણસિંહ 'જાટ' નેતા હતા, પણ એ અટક નહોતા લખતા. સમાજે એમને 'ચૌધરી'ની પાઘડી બંધાવી એટલે દેશ એમને ચૌધરી ચરણસિંહ નામે ઓળખતો થયો. ઉત્તરપ્રદેશ, બિહાર અને બીજાં ઘણાં રાજયોમાં જાતિપ્રથા બહુ જ સજ્જન પકડ ધરાવે છે. બિહારના મુખ્યમંત્રી અટક તરીકે તો 'કુમાર' જ લખે છે,પણ તેઓ કુર્મી છે - આપણા કડવા પાટીદાર જેવા. બિહારમાં યાદવોની મોટી વસતિ છે. એના કારણે જ લાલુપ્રસાદ અને એમના વંશજો જોર કરે છે. ઉત્તરપ્રદેશમાં પણ યાદવોએ જોર કર્યું અને અંતે મુલાયમના જ ઘરમાં યાદવાસ્થળી જામી. પરંતુ આ જાતિઓનાં સમીકરણ જ ચૂંટણીમાં ટિકિટથી માંડી હારજીત સુધી મહત્ત્વનો ભાગ ભજવતાં રહે છે. અંગ્રેજોએ દેશની જાતિવાર વસતી ગણતરી કરાવી હતી. હજી પણ આપણા સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટો સહિત ઘણાં અગત્યનાં દસ્તાવેજી કાગળિયાંમાં જાતિનું ખાનું ભરવું પડે છે. બાબા સાહેબ આંબેડકરે અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે તો વસતી ગણતરીની તરફેણ કરી પરંતુ બાકીની જાતિઓની વસતિ ગણતરી વિભાજનમાં પરિણમશે એવી દહેશત વ્યક્ત કરી હતી. બાબાસાહેબ કે ગાંધી-નહેરુ જેવા નેતાઓ પરંપરાગત જાતિ પ્રથાને બદલી શક્યા નથી. બંધારણ વર્ણાશ્રમને ફક્ત કાગળ પર નાબદ કરી શકે, લોકમાનસમાં નહીં. લિંગાયત અને વોક્કાલિગા કન્નડ રાજનીતિનાં મહત્ત્વનાં પરિબળો અંગ્રેજો પહેલાં પણ હતા અને આઝાદી પછી પણ રહ્યાં છે. ગુજરાતમાં પાટીદાર, આંધ્રમાં રેડ્ડી અને મહારાષ્ટ્રમાં મરાઠા સમાજનું વર્ચસ્વ બંધારણને લીધે બદલી શકાયું નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝીણવટપૂર્વક જાતિઓનો અભ્યાસ કરી એમના ઉમેદવારોની યાદી ફાઈનલ કરતા રહ્યા છે. જાતિઓનાં સમીકરણ સરખાં કરીને જ સત્તા મળતી રહી છે અને ટકતી રહી છે. ગુજરાતમાં ઓબીસી અને ક્ષત્રિય સમાજનું અથવા 'ખામ' થિયરીનું સમીકરણ બેસાડીને કોંગ્રેસે વિક્રમજનક બેઠકો મેળવી હતી. રતુભાઈ અદાણી જેવા વરિષ્ઠ ગાંધીવાદી અને ઈંદિરા ગાંધીને ગુજરાતમાં પ્રવેશ અપાવનાર નેતાને હાંસિયે ધકેલી માધવસિંહ સોલંકીને આગળ કરાયા હતા. ઉત્તરપ્રદેશમાં બે અંતિમો જેવી દલિત-બ્રાહ્મણ ફોર્મ્યુલા રચીને માયાવતીએ સત્તા હાંસલ કરી હતી. જાતિવાર ગણતરીનો આગ્રહ જાતિવાદના સમર્થક નેતાઓ જ રાખવાના જ; એમાં પછી ભલેને રાજય સ્તરે સામસામા રહેતા હોય. એટલે કેન્દ્રની નીતિની વિરુદ્ધ જઈ એનડીએના સહયોગી નીતિશકુમાર એમના વિપક્ષી હરીફ લાલુનંદન તેજસ્વી યાદવની સાથે અન્ય જાતિઓના માંઝી જેવા નેતાઓને સાથે રાખી વડાપ્રધાન સમક્ષ જાતિવાર વસતિ ગણતરીની રજૂઆત કરી છે. એમનું માનવું છે કે એથી આવી પછાત જાતિઓને અનામત આપવાની બાબતમાં તથા એમના વિકાસ દ્વારા સર્વાંગી વિકાસ સાધવામાં ઘણી મદદ મળશે. જો આ મુદ્દે મોદી સરકાર સાનુકૂળ રવૈયો નહીં અપનાવે તો નીતીશ તો ગુલાંટબાજ નેતા છે. એમને એનડીએ છોડીને યુપીએમાં ભળતાં કોઈ રોકી શકશે નહીં!

ખરેખર આ વૃક્ષો અને છોડવાઓને મારી જરૂર હતી

નવાં કલેવર

નટવર હેડાઉ

તેમણે વિચારી રાખેલું કે રિયાયરમેંટ પછી તે કોઈ કામ નહીં કરે. પેન્શન તો આવશે જ તેમાં એ ઉંમરે ઢસરડાં શું કામ કરવા ?

પત્નીને કયારેય પુરો સમય આપી શક્યા ન હતા. તેથી વિચારી રાખેલું કે તે સહધર્મચારીણી પાસે બેસીને દિલ ખોલીને વાતો કરશે અને સુખદુ:ખ વહેંચશે.

નાના પૌત્ર પીનટુ અને પૌત્રી પીન્કીની સાથે મજાક મસ્તી કરી તેમને વાર્તાઓ કહીને અને ગીતા સંભળાવીને જીવનનો આનંદ મેળવશે. પછી બાકીનો જે સમય વધશે તેમાં ઘરનાં કામકાજ અને પ્રભુભજન કરશે.

પણ તેમણે વિચારેલું એવું કંઈ જ ન થયું. 'આ ઉંમરે આવું કરો તે સારું ન લાગે' પત્ની પાર્વતીએ તેમને કહી દીધું.

દીકરો વહુ બંને નોકરી કરતા હતા. તેમની પાસે તો બિલકુલ સમય ન હતો. દીકરો ઘેર આવતાં જ લેપટોપ ખોલી તેના કામમાં ડૂબી જતો હતો. તેઓ તેને કંઈ પૂછે તો ચીડાઈ જતો.

વહુ જેમ તેમ રસોડાનું કામ પતાવીને તેના બેડરૂમમાં જઈ સુઈ જતી.

પૌત્ર-પૌત્રી તો તેમના કરતા પણ વધુ બીઝી હતાં. સ્કૂલ જઈ આવ્યા પછી હોમવર્ક માટે ઝઝૂમતાં અને તે પછી ટીવી, મોબાઈલ અને વીડિયો ગેમ તેમની દુનિયા હતી.

'દાદાજી અમને બોર ન કરો. તમારી વાતો કરતાં ચેટીંગમાં અમને વધારે મજા આવે છે. પીન્ટુ અને પીન્કી તેમની નજીકમાં ફરકતાં પણ નહીં.

'હવે તે કરે તો શું કરે ? કોની પાસે જાય, પહાડ જેવો સમય કેમ કરી વીતે ?'

રિયાયરમેન્ટ પહેલાં તેમણે કેટલા સપના જોયાં હતા. તે બધા પર પાણી ફરીગયું હતું. એક દિવસ તે ઘરની નજીક આવેલ બગીચામાં ચાલ્યા ગયા.

ખાતર-પાણી અને દેખરેખ વગર છોડવાઓ કરમાઈ રહ્યા હતા. ઘાસ સુકાઈ રહ્યું હતું.

હવે આગળની બધી વાતો ભૂલી તે એક નવા કામમાં પરોવાઈ ગયા. સવાર-સાંજ બગીચામાં જઈ છોડવાઓને પાણી-સીંચવાનું, આજુબાજુની જમીન સાફ કરી ખોદકામ કરવાનું, વધી ગયેલી ડાળખીઓને કાપી સરખી કરવાનું કામ કરવા લાગ્યા. થોડા જ દિવસમાં બગીચાની રોનક બદલાઈ ગઈ. ફૂલો ખીલી ઊઠ્યાં. ઘાસ પર ઝાકળ બિંદુઓ સાચા મોતીની જેમ ચમકવા લાગ્યા. પતંગિયાની ઊડાઉડ અને પંખીઓનો કલરવ જોઈ તેમન ખુશીનો પાર ન રહ્યો.

મુરઝાયેલાં અને ચીમળાયેલાં છોડવાઓને હવાની લહેરખીથી ડોલતાં જોઈ. ફૂલો પર નાચતાં ભ્રમરા જોઈ તે ખુશ થયા. વાહ ! ખરેખર આ વૃક્ષો અને છોડવાઓને મારી જરૂર હતી. હવે તે પોતાના નવા મિત્રો સાથે જ સમય વિતાવવા લાગ્યા. તેમના સ્નેહ પામીને અભિભૂત થઈ જતા હતા.

રિસાયેલું સ્વજન પાલવશે, પણ બદલાયેલું તો નહીં જ

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી

vinodjamlani12@gmail.com

(ગતાંકથી ચાલુ-૨)

વ્યક્તિ જ્યારે રિસાતી હોય ચ્હે ત્યારે તે એકસાથે ઘણીબધી લાગણી અભિવ્યક્ત કરી હોય છે. સ્નેહીજન પ્રત્યેના પોતાની ગુસ્સાની લાગણી વ્યક્ત કરવા માટે પણ વ્યક્તિ રિસાતી હોય છે. હા, એવું બને કે ગુસ્સાની લાગણીમાં જે તીવ્રતા હોય એટલા ગુસ્સાની તીવ્રતા કદાચ રિસાવાની લાગણીમાં ના હોય પણ ગુસ્સાની લાગણી તો હોય જ છે. વ્યક્તિ રિસાઈ જઈને પ્રેમની લાગણી પણ હોય છે. રિસામણું એક જિદ્દ પણ છે. કોઈપણ સ્નેહીજન સામે જિદ્દે ચડેલી વ્યક્તિ રિસાઈ જઈને પોતાની જિદ્દની લાગણી વ્યક્ત કરતી હોય છે. આમ જે વ્યક્તિ પોતાનાં સ્નેહીજનથી રિસાતી હોય છે તે ગુસ્સો, જિદ્દ, પ્રેમ અને નારાજગી જેવી ઘણા પ્રકારની લાગણી એક સાથે વ્યક્ત કરતી હોય છે.

રિસાયેલી વ્યકિતની માનસિક અવસ્થા બહુ સારી નથી હોતી. રિસામણાનાં સમય દરમ્યાન તે અસ્વસ્થ રહેતી હોય છે અને પોતે એક પ્રકારનું માનસિક તાણ અનુભવતી હોય છે. તેના મનમાં સતત એ સ્નેહી વિષેનાં જ વિચારો ઘુમરાતાં હોય છે જે સ્નેહીથી તે રિસાયેલી હોય છે. ભૂતકાળમાં પોતાને સ્નેહીએ જ્યારે જ્યારે પોતાની અપેક્ષા પૂરી નાં કરી હોય એ બધી ઘટનાઓને યાદ કરીને કરીને વ્યક્તિ પોતાની લાગણીઓને વધુ પ્રબળ બનાવટી હોય છે. રિસાવાની લાગણી જેટલી પ્રબળ બને એટલી એ વ્યક્તિ વધારે દુ:ખી થતી હોય છે. વ્યક્તિ એ ચિંતા થકી પણ દુ:ખી થતી હોય છે કે પોતાને એ સ્નેહીજન મનાવવા પ્રયત્ન કરશે કે નહીં અને કરશે તો ક્યારે કરશે.

રિસાયેલી વ્યકિતની પરિસ્થિતી ક્યારેક "સાપે છછુંદર ગળ્યા" જેવી થઈ જતી હોય છે. વ્યકિત રિસાઈ જાય, તેને મનાવવા માટે કોઈ પ્રયત્ન કરે છતાં પણ રિસાયેલી વ્યક્તિ પોતાની જિદ્દમાં અડગ રહે તો પછી મનાવવા વાળું સ્નેહીજન તેને તેની હાલત ઉપર છોડી દેતી હોય છે. આમ સ્નેહીજન પછી તેને મનાવવા પ્રયત્ન જ ન કરે ત્યારે રિસાયેલી વ્યકિતની માનસિક હાલત વધારે ખરાબ થઈ જતી હોય છે. તેને મનાવતું નથી, પોતાનાં અહમને કારણે પોતે પોતાની જાતે રિસામણું આ

છોડી શકતી નથી. આમ તેની પરિસ્થિતી ખૂબ જ કફોડી બની જતી હોય છે.

કોઈ વ્યક્તિ પોતના સ્નેહીજનથી રિસાય ત્યારે એ વ્યક્તિ તો માનસિક રીતે અસ્વથ હોય છે અને તેને તો એક પ્રકારની માનસિક પીડા થતી જ હોય છે. સાથેસાથે રિસાયેલી વ્યક્તિ જે સ્નેહીજનથી રિસાઈ હોય છે એ સ્નેહીજનને પણ એક પ્રકારની ચિંતાને થતી હોય છે, તે પણ માનસિક તાણ અનુભવતી હોય છે અને તેને પણ પીડા થતી હોય છે. તેને એવી ચિંતા હોય છે કે રિસાયેલી વ્યક્તિ સરળતાથી માનશે કે નહીં અને માનશે તો કઈ શરતોએ માનશે. આ કદાચ એવું બનતું હોય છે કે એ વ્યક્તિ પોતાનું દુ:ખ કે પીડા રિસાયેલી વ્યકિતની જેમ વ્યક્ત ન કરી શકતી હોય આમ છતાં તે વ્યક્તિ પીડા તો ભોગવતી જ હોય છે.

જે વ્યકિત રિસાઈ હોય છે તે એવી અપેક્ષાઓ સાથે રિસાઈ હોય છે કે તેનું સ્વજન તેને મનાવે, તેનું સ્વજન તેને પટાવે, તેનું સ્વજન તેને ફોસલાવે અને તેનું સ્વજન પોતાની અપેક્ષાઓ પૂરી કરે. તેમની અપેક્ષા પ્રમાણે તેનું સ્વજન આવું બધુ કરે ત્યારે તેનો અહમ પોષાતો હોય છે અને પોતે માની જતી હોય છે. વ્યકિત રિસાયા પછી જો કોઈ તેને મનાવવા માટે પ્રયત્ન નથી કરતું તો તેને વધારે રિસ ચડતી હોય છે અને મનને મનમાં સતત મૂંઝાયા કરતી હોય છે. રિસામણાનાં સમય દરમ્યાન રિસાયેલી વ્યક્તિ સતત રાહ જોતી હોય છે કે તેને કોઈ મનાવે. જ્યાં સુધી તેને કોઈ મનાવવા નથી આવતું ત્યાં સુધીનો સમયગાળો તેને ખૂબ જ લાંબો લાગતો હોય છે. તેને જો કોઈ લાંબો સમય મનાવવા ન આવે તો કદાચ એવું બને કે ત્યાર પછી રિસાયેલી વ્યકિતને મનાવવી ખૂબ જ મુશ્કેલ બની જાય છે. કેટલાક સંજોગોમાં એ રિસામણું કાયમનું બની જતું હોય છે.

જે વ્યકિત રિસાઈ હોય છે તે પોતાની લાગણીની અભિવ્યક્તિ મોટાભાગે મૌન રહીને જ કરતી હોય છે. આ મૌન તેને તો અકળાવતું જ હોય છે સાથેસાથે આસપાસની વ્યક્તિને પણ અકળાવતું હોય છે. વ્યકિત રિસાયેલી હોય છે ત્યારે તેના મનમાં ઘણાં આવેગો ઉઠતાં હોય છે અને ઘણા વિચારો ઘુમરાતા હોય છે આમ છતાં મોટાભાગે વ્યક્તિ મૌન રહેવાનું જ પસંદ કરતી હોય છે. મૌન દ્વારા જ એ વ્યક્તિ પોતાની થતી ઉપેક્ષાનું દુ:ખ, પોતાનો ગુસ્સો, પોતાની નારાજગી અને પોતાની જીદ્દ વ્યક્ત કરતી હોય છે. રિસાયેલી વ્યક્તિને એક ડર હોય છે કે પોતે શબ્દો દ્વારા જો પોતાની લાગણીઓને અભિવ્યક્તિ કરશે તો કદાચ તેને લાગણીની તીવ્રતા ઓછી થઈ જશે તેને કારણે તે કદાચ મૌન વધારે પસંદ કરતી હોય છે. હા, ક્યારેક તે છાના ડૂસકાં ભરીને તો ક્યારેક આક્રંદ કરીને પણ પોતાની લાગણી અભિવ્યક્ત કરતી હોય છે.

કોઈપણ વ્યક્તિ પોતાની જિદ્દ પૂરી કરવા સ્નેહીજન ઉપર દબાણ લાવાવા માટે રિસાતી હોય છે. આમ જોઈએ તો વ્યક્તિનાં રિસાવાથી કોઈ પ્રકારની સમસ્યાનો કાયમી ઉકેલ તો આવતો જ નથી. ઊલટાની એ સમસ્યા ક્યારેક વધારે જટીલ બનતી હોય છે. એ રિસામણું જો લાંબુ ચાલે, વારંવાર રિસામણું થતું રહે, વ્યક્તિને રિસાવાની ટેવ પડી જાય તો લાંબા સમયે કદાચ સમસ્યાનો ઉકેલ ક્યારેય આવતો નથી. ક્યારેક એવું પણ બને કે કોઈ વ્યક્તિ લાંબો સમય રિસાયેલી રહે, તેને મનાવવાના લાખ પ્રયત્નો છતાં પણ જો રિસાયેલી વ્યક્તિ માને નહીં તો ત્યાર પછી તેને મનાવવા વાળી વ્યક્તિનો પણ અહમ ઘવાતો હોય છે. આમ રિસાયેલી વ્યક્તિનો તો અહમ ઘવાયેલો જ હોય છે સાથેસાથે મનાવવાવાળી વ્યક્તિનો પણ અહમ ઘવાય છે. બંને સ્નેહીજનોનો અહમ ઘવાય તો છેવટે એ બંને સ્નેહીઓ વચ્ચે કાયમી માટે અંટસ પડી જતી હોય છે. તેમનાં સંબંધોમાં ક્યારેક કાયમ માટે પૂર્ણવિરામ પણ મુકાઈ જતું હોય છે.

(ક્રમશ:)

જીવનમાં પ્રાથમિકતાઓ અને માનવીઓ બદલાઈ રહ્યા છે !!

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

પ્રત્યેક દિવસ ખૂબ જ રહસ્યમય અને રસહીન લાગી રહ્યો છે બધાને જીવન એક મહા કોયડા જેવું અનુભવાય છે એ અંતે બદલાયેલા સમયનું પ્રતિબિંબ જ છે. આનંદ અથવા અંદરથી ખુશીઓની છોળ ઉડે એ પ્રકારનાં દિવસો જાણએ કે જતા રહ્યા ! પ્રત્યેક સજીવ જબરો અસ્તિત્વના આનંદ માટે સંઘર્ષ કરતા દેખાય છે, જીવન હશે તો બધું વહેલા યા મોડે મોડે મળશે પરંતુ હાલ સ્વયંને સુરક્ષિત રાખો અને જે કોઈ આર્થિક પ્રવૃત્તિ લાયકાત મુજબ પ્રાપ્ત થઈ છે તેને ટકાવી રાખો - આ પ્રકારની એક લડાઈ ચાલી રહી છે. વાઈરસ કેમિકલ વેપન તરીકે વપરાયું જ છે એ હકીકત ને હવે અવગણી શકાય એમ નથી. આર્થિક બેહાલીનું જે સર્જન થઈ ગયું છે એમાંથી નીકળવામાં પુષ્કળ સમય લાગવાનો જ છે ત્યાં સુધીમાં પરોક્ષ રીતે શિક્ષણ, જોબ, ધંધા, હેલ્થ વગેરેમાં અત્યંત હાનિ પહોંચતી જશે અને એ અંતે સામાજિક વ્યગ્રતા અને સૌહાર્દને ખુબ વ્યાપક હાનિ કરશે એ નક્કી છે !! દરેક નિર્ણય વ્યક્તિનો નથી હોતો અમુક નિર્ણય પરિસ્થિતિનો પણ હોય છે. બધું આપણી મરજી મુજબ જ ચાલે તેવી દુનિયા ક્યાંક નથી. સમયનું પરિવર્તન ભલભળાને ક્ષણમાં હસાવી કે રડાવી શકે છે. હવે જીવનની પ્રાથમિકતા બદલાણી છે સાથે માણસો પણ બદલાઈ ગયા છે. સ્વયંને ટકાવવું અને પરિવાર સ્વસ્થ હે આ બે બાબત ઉપર દરેકનું લક્ષ્ય કેન્દ્રીત છે એટલે હવે પરકાજે કંઈક કરવું એ દુષ્કર થઈ રહ્યું છે. જે માથે પડ્યું એ ભોગવવા સિવાય કોઈ સાંત્વના રહી નથી એ કરુણતા ઊભી થઈ છે.

'ખુબ સહેલું હોય છે સુખમાં છલકાવું
પણ બહુ જ અઘરું છે દુ:ખમાં મકલાવું.'

શું ગામડા કે શું શહેર દરેક જગ્યાએ એ અજંપો અને પીડાઓ હવે સરખી થવા સ્પર્ધા કરે છે. ખર્ચા વધતા અટકે તેવું નથી તો આવક વૃદ્ધિમાં નિષ્ફળતા જ માત્ર બચી છે!

હૃદયની ભાવના, શબ્દ, વિચાર, નજર આ બધામાં જબર ઓટ અને શુષ્કતા આવી ગઈ છે તેના પાયામાં પરિવર્તન જ જવાબદાર છે જેનું મુખ્ય કારણ મહામારી હોય એ ખુબ સ્પષ્ટ રીતે દેખાય છે. પૈસા માટે બધુ જ સ્વીકૃત કરવાની પરંપરા મજબૂત થઈ છે પછી લોકો કે સમાજનું શું વિચારશે એ અંગે કશી ચિંતા કે ખેવના ગુમ છે. જો પ્રત્યેક પરિવાર આપત્તિગ્રસ્ત અને કંગાળ થઈ જાય તો આપણું રાષ્ટ્ર મજબૂત કઈ રીતે થાય એ સમજણમાં આવતું નથી !! સરકાર તો દરેક પ્રકારનાં પ્રશ્નો ઉપર ધ્યાન આપી રહી છે છતા આપણી જનસંખ્યા જ બહુધા સુખને દૂર રાખતી રહી છે. આયોજનો ને વ્યાપક કરો તો ખર્ચા વ્યાપક થાય અને તેનું ભારણ પાછું લોકો પર જ આવે છે. જરૂરિયાત મુજબ જીવન જીવવાથી સફળતા મળશે બાકી હવે જાહોજલાલીની કોઈ જગ્યા શક્ય નથી.

'ખ્વાહિશો કા મોહલ્લા બહુત બડા હોતા હૈ
બહેતર યહી હૈ કિ હમ જરૂરતો કી ગલી મેં મુડ જાઓ'

માણસોનું બદલાઈ જવું ? એટલે શું ? જયારે જીવન સંઘર્ષ વધી જાય ત્યારે વ્યક્તિ સ્વકેન્દ્રીય થઈ તદ્દન સંકોચાઈ જાય અને એ વધુ વિચાર કરવામાં પણ શક્તિહીન થઈ પડે પછી એ કંઈ પણ યોગદાન આપવા સમર્થ રહે નહીં અને આ પ્રકારના લોકો વધે ત્યારબાદ વ્યાપક રૂક્ષતાની ચાદર બધા ઉપર ઢંકાઈજાય એ સ્થિતિમાં માત્ર પરિવાર કદાચ ઐક્ય જાળવી શકે એ કેમ એ સવાલ પણ આવી જાય છે. દયા ધર્મનું મુળ છે પણ એ ક્યાંથી લાવવી ? પાપનું મૂળ અભિમાન છે પણ તેને ક્યાં મૂકવા જવું એ મોટી દ્વિધા ઊભી થાય છે. કેમ કે બધા પોતાના દુ:ખોમાંથી બહાર નીકળવા હવાતિયા મારે ત્યાં પરહિતની વાત ક્યાંથી સુખ આપવા પ્રગટી શકે ? હિમલ પંડ્યાનો સુંદર શેર છે.

'સમજી શકાય એટલું એ સ્પષ્ટ હોય છે
દુનિયાને તમે ઊગો એ જ કષ્ટ હોય છે!!'

દિવસ રાત્રીનું ચક્ર ચાલે છે એ મુજબ સુખ-દુ:ખનું ચક્ર પણ અવિરત ફરતું રહે છે ત્યારે અંદરની ભિનાશ માણસોએ જાળવી રાખવાની કાળજી અશક્ય લેવી પડશે !

સરકારને હેલ્થ ક્ષેત્રમાં જે કોઈ નક્કર કામ થઈ રહ્યા છે તેના માટે લાખ લાખ અભિનંદન અને સલામ પરંતુ એની સાથે એક નમ્ર અપીલ એ પણ છે કે નવા જોબ તો ઊભા થશે જ પરંતુ હાલના તબક્કે જે ઉદ્યોગ ધંધા કે સરકારી જોબ હયાત છે તેને કમ કે કમ મદદ પહોંચાડી ટકાવી રાખે કારણ કે હવે લોકો બચતો તોડીને જીવી રહ્યા છે. સોના વેચીને કે તેના ઉપર લોન લઈ ટકી રહ્યા છે. માટે આ અંગે ખુબ વિચારીને પગલાં લેશો તો અંતે બધાનું ભલું જરૂર થશે ! પરિવર્તનમાં વિષ ભળી જાય તો તેને દૂર કરવા કાળજી લેવી પડશે, લોકોને જીવન ટકાવવામાં હવે પીડા ઊભી થઈ છે એ યાદ રાખશો તો આપણે જરૂર વિકસિત થઈશું એમાં કશી શંકા નથી. દિલોદિમાગથી તૂટેલા ને હૂંફાળા હાથનો સ્પર્શ પારસમણિ સમાન પરિણામ આપે છે જેની જરૂરત છે.

શેર આસ્વાદ :

દુઆ કરો મૈં કોઈ રાસ્તા
નિકાલ સકુ
આપકો ભી દેખ સકુ
ખુદ કો ભી સંભાળ સકું
(નિદા ફાઝલી)